લાખ ભલે ને હોય કુટેવો,
માણસ તોયે મળવા જેવો.

સૌ પૂછે છેઃ 'સારું છે ને?'
સાચો ઉત્તર કોને દેવો?

આપ ભલેને હોવ ગમે તે,
હું ય નથી કંઈ જેવો તેવો.

દર્પણને ઘડપણ આવ્યું છે,
હું તો છું એવો ને એવો.

વાતે વાતે ફતવા કાઢે,
હેં ઈશ્વર, તું આવો કેવો?

બાળક ખાલી આંખ મિલાવે,
ત્યાંજ મને છૂટે પરસેવો.

હવે તો જાગવું જ જોઈએ; સમય તો થઈ ગયો,
નવું કશું થવું જ જોઈએ; સમય તો થઈ ગયો.

આ સાંજ, ગાજ, વીજ, મેઘ, હું ને તું; બધું તો છે!
હવે તો નાચવું જ જોઈએ; સમય તો થઈ ગયો.

છે ઊંઘ પણ નવી સવી ને ચક્ષુ પણ નવાં નવાં,
તો સ્વપ્ન પણ નવું જ જોઈએ; સમય તો થઈ ગયો.

કુરાન કે પુરાણનું જે પાન પ્રેમનું ન હો,
એ પાન ફાડવું જ જોઈએ; સમય તો થઈ ગયો.

જો શબ્દ, અર્થ, ભાવ કે કશું ય કામ ના કરે,
તો મૌન થઈ જવું જ જોઈએ; સમય તો થઈ ગયો.

વાત મારી માનશે એવું ય કંઈ નથી,
આમ પણ મારે હવે કે'વું ય કંઈ નથી.

કંઈ નથી તારી ક્ધો, જાણી ગયો છું હું,
તારી પાસેથી પ્રભુ! લેવું ય કંઈ નથી.

આમ પોતાનો નથી ગણતા મને કદી,
આમ પાછું પારકા જેવું ય કંઈ નથી.

આંખ તારી મારું સરનામું બની ગઈ,
ઈંટ-પત્થરમાં હવે રે'વું ય કંઈ નથી.

મારી મુઠ્ઠીમાં હશે દુનિયા મને હતું,
જેવું મેં ધાર્યું હતું એવું ય કંઈ નથી.

ઈશારે આપના નાચું પછી છે કંઈ?
કટોરો ઝેરનો ચાખું પછી છે કંઈ?

જરાયે આંચ નહીં આવે તમારા પર,
પ્રસંગો એ રીતે ટાંકું પછી છે કંઈ?

તમે આવો ફરી ગેંડી દડે રમવા,
ફણીધર નાગ હું નાથું પછી છે કંઈ?

ખુશીની એક પળ બસ ભીખમાં દઈ દે,
લઈ લે આયખું આખું પછી છે કંઈ?

અહમ્‌ને એક કોરાણે મૂકી દઈને,
ઝુકાવ્યું લે ફરી માથું પછી છે કંઈ?

તમારા પ્રેમ પર લો દસ્તખત મારા,
કલમ-શી આંગળી કાપું પછી છે કંઈ?

હિસાબો હું ય રાખું છું બધા તારા,
હજી પણ એક તક આપું પછી છે કંઈ?

ફરી ક્યાં કંઈ મળાય છે પાછું,
જરી બેસો; જવાય છે પાછું.

ગઝલ જેવું લખાય છે પાછું,
ખરું પાણી મપાય છે પાછું!

તમે બેસી રહો નજર સામે,
આ મન તો ક્યાં ધરાય છે પાછું.

તમારી આંખ સાત કોઠા છે,
ગયા, તો ક્યાં અવાય છે પાછું.

હજી પોતાના ક્યાં થવાયું છે,
કે બીજાના થવાય છે પાછું.

તિરાડો આંખની પુરાઈ ગઈ,
રડું તો ક્યાં રડાય છે પાછું.

આર યા તો પાર હોવી જોઈએ,
જીભને પણ ધાર હોવી જોઈએ.

યુદ્ધ હો કે યુદ્ધનો વિશ્રામ હો,
પાસમાં તલવાર હોવી જોઈએ.

તો પ્રણયમાં આવશે સાચી મજા,
શ્હેરમાં ચકચાર હોવી જોઈએ.

વાંસળીમાં સૂર જન્માવી ગઈ,
આ હવા ફનકાર હોવી જોઈએ.

કૃષ્ણ આવ્યા છે તો એ પણ શક્ય છે,
દ્રૌપદી લાચાર હોવી જોઈએ.

કોણ ખરું છે ખોટું શું છે, હું પણ જાણું તું પણ જાણે,
મનમાં કોના ઓછું શું છે હું પણ જાણું તું પણ જાણે.

સૌનું હસવું-રડવું સરખું, ચડવું ને ઓસરવું સરખું,
તોય બધામાં નોખું શું છે, હું પણ જાણું તું પણ જાણે.

ક્યારે કેવી ચાલ રમાશે જો જાણો તો જીતો; નહીંતર,
ઊંટ વજીર ને ઘોડું શું છે, હું પણ જાણું તું પણ જાણે.

દિલ પર રોજેરોજનું ભારણ, સંબંધો તૂટવાનું કારણ,
ઝાઝું નહીં તો થોડું શું છે, હું પણ જાણું તું પણ જાણે.

તારો મોભો માન, પ્રતિષ્ઠા, વૈભવ, કીર્તિ સૌ રે'વા દે,
કાળું શું છે, ધોળું શું છે, હું પણ જાણું તું પણ જાણે.

સબંધો ખેંચી તાણીને નહીં ચાલે,
હૃદય પર ભાર રાખીને નહીં ચાલે.

તમારા માંહ્યલાને સાંભળો કાયમ,
જગતની વાત માનીને નહીં ચાલે.

જીવનમાં મૌનનો પણ હોય છે મહિમા,
બધું ગાઈ વગાડીને નહીં ચાલે.

હવે તકદીરને ઘડવું રહ્યું જાતે,
ગ્રહો પર આળ નાખીને નહીં ચાલે.

અમારી નાવ છે, ને નાવને મોભો,
ગમેતે પગ પખાળીને નહીં ચાલે.

અળગી કરી નથી; તને મેં અવગણી નથી,
તું પ્રેમને ન માપ; એની માપણી નથી.

આવે ગઝલમાં જે રીતે, બસ આવવા દીધી,
મેં લાગણીની કોઈ દિ' માત્રા ગણી નથી.

મળવાનું મન કરે તને, ઠેકીને આવજે,
ભીંતો અમારી એટલી ઊંચી ચણી નથી.

હું આયનામાં જાત જોઈ ખળભળી ઊઠ્યો,
સારું છે એમની નજર મારા ભણી નથી.

દેખાઉં છું તે છું નહીં, ને એટલે જ તો,
મારી છબીને મેં કદી મારી ગણી નથી.

એથી જ પ્રેમ પામવાની આશ છે મને,
તેં 'હા' કહી નથી હજી, 'ના' પણ ભણી નથી.

બહાર કંઈ ફંફોસવા જેવું નથી,
ભીતરે સંતાડવા જેવું નથી.

બંધ મુઠ્ઠી ખોલવા જેવું નથી,
એની આગળ બોલવા જેવું નથી.

તું અભણ છે એજ સારું છે અલા,
કોઈનું મન વાંચવા જેવું નથી.

આ ખુદા તો વાણિયો છે વાણિયો,
એની પાસે માંગવા જેવું નથી.

યંત્રવત્ જ્યાં હાથ ઊંચા થાય છે,
એ દુઆમાં કંઈ દવા જેવું નથી.

શ્વાસ પણ રૂંધાય છે આ શ્હેરમાં,
આ ધુમાડામાં હવા જેવું નથી.

બસ તમે જ્યાં જ્યાં મળો ત્યાં સ્વર્ગ છે,
ક્યાંય પણ બીજે જવા જેવું નથી.

શરૂ શરૂમાં તો ક્યાં કંઈ ખયાલ આવે છે?
ઘણું વીતે એ પછીથી જ ભાન આવે છે.

ઘણું મળ્યું છે મને એમ જ્યાં વિચારું છું,
જરી જરી જે ગુમાવ્યું તે યાદ આવે છે.

અમે ભૂલો ય કરી ક્યાંક તો જતું ય કર્યું,
અનુભવો જે મળ્યા એ જ કામ આવે છે.

કરી શકું ન સમાધાન જાતની સાથે,
ઘણું મથું છું હું; વચ્ચે સ્વમાન આવે છે.

અમે તો પ્હેરીને કૂદી જ પડ્યા પેરેશુટ,
હવાનો જોઈએ; કેવો દ્બાવ આવે છે?

જરીક ધ્યાનથી જોશો તો તમને સમજાશે,
દરેક શ્વાસને અંતે પડાવ આવે છે.

નથી જ આવતી; જીદે ચડે જો કોઈ ગઝલ,
અને જો આવી ચડે તો કમાલ આવે છે.

શક્ય છે કે નોંધ ના લેવાય પણ,
કોઈ દશ્યો આંખમાં ઘૂંટાય પણ.

હું તો કહું છું થીંગડું મારી જુઓ,
આભ છે, હૈયું નથી; સંધાય પણ.

એમની ઈચ્છા કે હું બોલું કશું,
ને કદી બોલું તો એ મૂંઝાય પણ.

જોખમી પ્રસ્તાવ પણ મૂકવો પડે,
આબરૂ રહી જાય પણ; ને જાય પણ.

એક મોટું જણ ગઝલ ને ગાળ દે,
બહુ કઠે છે જીવ ને; શું થાય પણ?

આમ વોટરપ્રૂફ મારી આંખ છે,
યાદ તું આવે તો એ ભીંજાય પણ.

પડખું સ્હેજ ફર્યું પાણીમાં,
તળિયું કંટાળ્યું પાણીમાં.

કોણે શું નાખ્યું પાણીમાં,
જોને પૂર આવ્યું પાણીમાં!

જીવ, જો ધાબે જઈને બેઠો,
ડૂબી ગઈ આંખ્યું પાણીમાં.

ચંપાએ તો જીવ દઈ દીધો,
એણે શું જોયું પાણીમાં?

લાશ કહે છે તરતાં તરતાં,
હાશ હવે ફાવ્યું પાણીમાં.

બંગલો આખો થર-થર ધ્રૂજે,
ઝૂંપડું; એ ય ચાલ્યું પાણીમાં!